## જન્મદિને વધામણી



**નેહલબેન વી ટોળિયા**
**સહમંત્રી, સંગિની**

## પુસ્તકપ્રાપ્તિ

ગાંધીનગર સમાચાર દૈનિકને નીચે મુજબનું પુસ્તક પ્રાપ્ત થયું છે, જે સાભાર સ્વીકારવામાં આવે છે.




**સોવિયેત-સોવિયેત**
**લેખક : અતુલભાઈ પાઠકજી**
**પ્રકાશક : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ**
**કિંમત : રૂા. ૭૫/-**

૧૯૬૯થી ૧૯૯૧ દરમ્યાન લેખકે સોવિયેત વિશે વિભિન્ન પ્રકાશનો માટે લખેલા અનેક લેખો પૈકી ચૂંટેલા લેખોનો સંગ્રહ.

લેખક વિશ્વમાં સૌથી વધુ જાહેર સંસ્થાઓમાં એક સાથે હોદ્દા ધારણ કરી નવો વિશ્વ વિક્રમ સ્થાપિત કરવા બદલ ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રૅકોર્ડ્સમાં સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત તેમને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત ૧૦૦ કરતાં પણ વધુ ઍવોર્ડ્સ પ્રાપ્ત થયા છે અને પચીસ કરતાં પણ વધુ પરિચય ગ્રંથો (હુઝ હુ)માં તેમને સ્થાન પ્રાપ્ત થયું છે.

# સીબીએસઈ શાળાઓમાં સેલ્ફ ડિફેન્સ તાલીમ ફરજિયાત હશે

## વિદ્યાર્થીનીઓ માટે પણ ટ્રેનિંગ ફરજિયાત કરાશે : હેવાલ

અમદાવાદ, તા.૧૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા પોતાની તમામ શાળાઓમાં અભ્યાસ કરી વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ ફરજિયાત બનાવવાનો નિર્ણય કર્યો છે જે અંતર્ગત પહેલા તબક્કામાં ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપવામાં આવશે.

શાળાઓ દ્વારા જ આ ટ્રેનિંગ સેશનનું આયોજન કરવામાં આવશે. સીબીએસઈ દ્વારા શાળાઓને મોકલવામાં આવેલી ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવા માટે શાળાઓ પોલીસ કર્મચારીઓનો પણ સંપર્ક કરી શકે ચા ગાઈડલાઈનમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, દરેક શાળાએ ઓછામાં ઓછું વર્ષમાં બે વખત એક એક સપ્તાહના આવા ટ્રેનિંગ સેશનનું આયોજન કરવાનું રહેશે. આ ઉપરાંત ધોરણ ૧થી ૧૦ સુધી સીસીઈ સ્કીમ પણ લાગૂ રહેશે જે અંતર્ગત શાળાઓએ ફરજિયાત પણ સ્પોટ્ર્સ એક્ટીવીટીનું પણ આયોજન કરવાનું રહેશે. આ સાથે જ વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ માટે અલગથી ટાઈમ ટેબલ તૈયાર કરવાનું રહેશે.

આ ઉપરાંત સીબીએસઈ દ્વારા શાળાઓને મોકલવામાં આળેલ ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું છે કે, ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે દૈનિક ઓછામાં ઓછો ૪૫ મિનિટનો વ્યાયામનો પણ પિરિયડ હોવો જોઈએ તેમજ વ્યાયામના પિરિયડમાં વ્યાયામ શિક્ષક દ્વારા પણ વિદ્યાર્થીઓના સેલ્ફ ડિફેન્સ પર ખાસ ધ્યાન આપવામાં આવે. આ સાથે જ પરિપત્રમાં સેલ્ફ ડિફેન્સની તાલીમની આવશ્યકતાઓ પણ વર્ણવવામાં આવી છે. સીબીએસઈના આ પરિપત્રના પગલે શાળાઓ દ્વારા નજીકના પોલીસ સ્ટેશનોનો સંપર્ક કરીને તેમની મદદથી નિયમિત સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગનું આયોજન કરવા માટેની કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસ સ્ટેશનોને આ માટે તૈયાર કરવા માટે શાળાઓ દ્વારા સત્તાવાર રીતે લેટર પેડ પર વિનંતીપત્ર પણ લખવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત વિવિધ સ્પોટ્ર્સના નિર્ણયોને પણ શાળાઓમાં બોલાવવાની તૈયારી શાળાઓ દ્વારા દર્શાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ વિભાગ દ્વારા પણ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે અન્ય કૌશલ્ય વિકસે તેવી પ્રવૃત્તિઓનું વધુમાં વધુ પ્રમાણમાં આયોજન કરવા માટે શાળાઓને સૂચના અપાઈ છે.

# નગરના યુવાનો સર્જિત ઍડ ફિલ્મ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદ



ગાંધીનગર, તા. ૧૭

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનૉલૉજીમાં અભ્યાસ કરતા ગાંધીનગરના વિદ્યાર્થીઓએ 'ક્ષિતિજ-૨૦૧૫' અંતર્ગત ઍડ ફિલ્મ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાનું નામ નિશ્ચિત કર્યું હતું. આ જ વિદ્યાર્થીઓએ આ ઈવેન્ટ અંતર્ગત માઈમની સ્પર્ધામાં રનર્સ-અપ ટ્રૉફી પણ પ્રાપ્ત કરી હતી.

જીટીયુ દ્વારા ગત વર્ષથી આ સ્પર્ધા યોજાય છે, જેમાં આ વર્ષે ગાંધીનગરના રહેવાસી રાજ સોલંકી, ઋજિત રાવલ, જશરાજ રાઠોડ, જય શાહ, દૃષ્ટિ નાયક અને જયવર્ધન મહેશ્વરીની ટીમે ભાગ લીધો હતો અને 'ઈનક્રેડિબલ ઈન્ડિયા' વિષયે શૉર્ટ ફિલ્મ બનાવી હતી. ગાંધીનગર ઝોન કક્ષાએ આયોજિત આ સ્પર્ધામાં જીટીયુ સંલગ્ન ૧૫ કૉલેજીસ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો જે પૈકી આ ટીમને પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ માટે નગરના ખ્યાત કલાકાર હિરેન ભટ્ટ દ્વારા પોતાનો અનુભવી અવાજ આપવામાં આવ્યો છે. નગરના સૌથી જૂના સ્ટુડિયો સુરમધુર ખાતે આ ફિલ્મ માટે રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતું. ફિલ્મનું લેખન અને શૂટીંગ પણ રાજ, ઋજિતે જાતે કર્યું છે અને કૅમેરા વર્ક પણ. આ સ્પર્ધાના ઑડિશન માટે તેમણે 'સેવ વૉટર' વિષયે પણ ફિલ્મ બનાવી હતી.

'ઈનક્રેડિબલ ઈન્ડિયા' બનાવવા માટે માટે સળંગ બે દિવસ સુધી એમને કાર્ય કરવું પડ્યું હતું એવું જણાવતાં રાજ-ઋજિત ઉમેરે છે કે 'અલબત્ત, આ અનુભવ સુખદ રહ્યો અને ઈનામ મળતાં આ ખુશી બેવડાઈ છે. સખત પરિશ્રમ સફળતા અપાવે છે એ બાબતની સાબિતી અમને મળી ગઈ છે.'

ઉલ્લેખનીય છે કે આ બંને મિત્રો અન્ય સક્રિય યુવકો સાથે મળીને બ્લૉક પોઝીશન નામનું એક ગૃપ ચલાવે છે, જેના દ્વારા સામાજિક શૉર્ટ ફિલ્મ્સનું નિર્માણ કરવામાં આવે છે. ફેસબૂક તથા યુટ્યુબ ઉપર 'બ્લૅક પોઝીશન' નામે આ ગૃપનો સંપર્ક કરી શકાય છે. ટીમે માઈમની સ્પર્ધામાં રનર્સ-અપની ટ્રૉફી પ્રાપ્ત કરી હતી. આ ટીમમાં રાજ સોલંકી, ઋજિત રાવલ, જશરાજ રાઠોડ, માર્ગી ઍન્જિનીયર, રિપલ પટેલ અને ચાંદની ગોહિલ સામેલ હતાં.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઍવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
ઍવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
ઍવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વૅલકમ બૅક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી) ૬.૧૫

# રેડક્રૉસ દ્વારા સિવિલ હૉસ્પિટલ ખાતે ગણેશચતુર્થી ઉજવાઈ



ઈન્ડિયન રેડક્રોસ સૉસાયટી, ગાંધીનગર જિલ્લા બ્રાન્ચ દ્વારા સિવિલ હૉસ્પિટલ ખાતે ગણેશચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી અને દર્દીઓ, તેમના સ્વજનો તથા તબીબી સ્ટાફને પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી.

# મુસ્લિમ ઍજ્યુકેશન ઍન્ડ વૅલ્ફેર ઍસોસિએશન દ્વારા તેરમો ઈનામ વિતરણ સમારોહ રવિવારે

ગાંધીનગર, તા. ૧૭

મુસ્લિમ ઍજ્યુકેશન ઍન્ડ વૅલ્ફેર ઍસોસિએશન દ્વારા તેરમો ઈનામ વિતરણ સમારોહ આગામી રવિવારે યોજવામાં આવ્યો છે.

સંસ્થાના પ્રમુખ ઈનાયતઅલી સૈયદ અને માનદ્ જનરલ સૅક્રેટરી ઍન ઍમ સૈયદ જણાવે છે કે સમારોહ અંતર્ગત ૨૦૧૫માં લેવાયેલ પરીક્ષામાં ધોરણ-૧૦, ધોરણ-૧૨ તથા ઉચ્ચ શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. બ્રહ્માણીકૃપા મૅમોરિયલ હૉલ, ફાર્મસી કૉલેજ બિલ્ડીંગ, સર્વવિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે આયોજિત આ સમારોહના પ્રમુખ તરીકે આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણના નિવૃત્ત અધિક નિયામક ડૉ. ઍન ડી ધાસુરા, અતિથિ વિશેષ તરીકે સમર્પણ આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના પ્રૉફેસર જે જી ચૌહાણ, અમદાવાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટીના ચૅરમૅન રીઝવાન ઍમ કાદરી ઉપસ્થિત રહેશે. ચાલુ વર્ષે ધોરણ-પથી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સમારોહમાં ઉપસ્થિત રહેવા ખાસ ઈજન પાઠવવામાં આવ્યું છે.

## ૨૧થી ૨૮ દરમ્યાન સમર્પણ ધ્યાનની વિડીયો શિબિરો

ગાંધીનગર, તા. ૧૭

સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી દ્વારા પ્રેરિત સમર્પણ ધ્યાન અંગેની વિડીયો શિબિરોનું નિઃશુલ્ક આયોજન તા. ૨૧થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન કરવામાં આવ્યું છે.

કેશવપાર્ક ટેનામૅન્ટના કૉમન પ્લૉટ, વાવોલ ખાતે સાંજે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન તથા પ્લૉટ ૧૩૧/૧, સૅક્ટર-૧૪ ખાતે સાંજે ૬.૩૦થી ૯ દરમ્યાન આ ધ્યાન શિબિરો યોજવામાં આવશે.

ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ નિઃશુલ્ક શિબિરોમાં ભાગ લઈ ચૈતન્યની અનુભૂતિ તથા આત્મિક સુખનો લાભ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજથી રિલીઝ થતી ફિલ્મ 'કટ્ટી બટ્ટી'માં અદાકાર ગાંધીનગરનો જિમેશ

સિદ્ધાર્થ રૉય કપૂર દ્વારા યુટીવી મોશન પિક્ચર્સના બૅનર તળે નિર્મિત અને નિખિલ અડવાણી દ્વારા દિગ્દર્શિત યુવા હૈયાઓની ફિલ્મ કટ્ટી બટ્ટી શુક્રવારથી દેશભરમાં રજૂ થઈ રહી છે. ફિલ્મ કેવી છે અને ફિલ્મમાં શું છે એ અંગે તો વિગતે લખાશે પણ ગાંધીનગરમાં વસતા નાગરિકો માટે સમાચાર એ છે કે ગાંધીનગરનો એક યુવાન આ ફિલ્મમાં અદાકાર તરીકે કામ કરી રહ્યો છે.

જી હા, સૅક્ટર-૩ ડીમાં પ્લૉટ નં. ૯૪૬/૧માં વસતો જિમેશ પટેલ નામનો યુવા કલાકાર આ ફિલ્મમાં ઍક્ટર તરીકે કામ કરી રહ્યો છે. ફિલ્મમાં કંગના રનૌત અને ઈમરાન ખાન મુખ્ય ભૂમિકામાં છે. જિમેશ આ ફિલ્મમાં ઈમરાનના મિત્ર રઘુનું પાત્ર ભજવી રહ્યો છે.

ઍક્ટર તરીકે પોતાની આ પહેલી જ ફિલ્મ હોવાથી જિમેશ ખૂબ જ ઉત્તેજિત છે અને તેની સાથે કામ કરી ચૂકેલા ગાંધીનગરના કલાકારો પણ એટલા જ ઉત્તેજિત અને આતુર છે જિમેશને મોટા પડદે જોવા માટે.

પોતે આ સ્થાન પર પહોંચી શક્યો એ માટે એનો પરિવાર જવાબદાર છે એવું જિમેશ કૃતજ્ઞતાથી સ્વીકારે છે. પોતાના કુટુંબીજનોએ ઘરની જવાબદારી સાથે મળીને સ્વીકારી લીધી અને પોતાને ગમતી કારકિર્દીનું ઘડતર કરવા મુંબઈ મોકલ્યો એ કારણે પોતે આ સ્થાન સુધી પહોંચી શક્યો છે એવું જિમેશ લાગણીથી ઉમેરે છે.

જિમેશના પિતા સ્નેહલભાઈ પટેલ ગાંધીનગર સચિવાલય ખાતે શ્રમ અને રોજગાર વિભાગમાં સૅક્શન ઑફિસર તરીકે ફરજ બજાવે છે, માતા કોકિલાબેન તથા ભાભી કીર્તિકા ગૃહિણી છે અને મોટાભાઈ પ્રેયાશું ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે.

સ્નેહલભાઈ રાજ્ય સરકારના કર્મચારી તરીકે મુલ્કી સેવા સ્પર્ધા માટે નિર્મિત નાટકોમાં અભિનય આપતા. અખ્તર સૈયદના નિર્દેશનમાં તેમણે 'મહાભોજ' અને 'લાડી, વાડી ને ગાડી' નાટકોમાં અભિનય આપ્યો હતો. પરંતુ, સામાજિક જવાબદારીઓ સાચવવા માટે એમણે અભિનેતા તરીકે કાર્ય કરવાનું બંધ કર્યું. અલબત્ત, માંહ્યલો ઍક્ટર છાનો બેસી નહોતો રહ્યો, એની તમન્નાઓ ઉછર્યા જ કરતી હતી.

એ તમન્નાઓ સાકાર થઈ જિમેશ રૂપે. પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક કક્ષાનો અભ્યાસ જિમેશે ગાંધીનગરમાં કર્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ સ્કૂલ અને પછી આરાધના વિદ્યાવિહાર અને એ પછી ઍલડી આટ્ર્સ કૉલેજ, અમદાવાદ ખાતે સંસ્કૃત વિષય સાથે બીએ કર્યું. અને એ પછી આવી ગયો પરત ગાંધીનગર. ગાંધીનગરમાં કાર્યરત સિટી પલ્સ ફિલ્મ ઍન્ડ ટૅલીવિઝન




ઈન્સ્ટીટ્યુટમાં એણે બીએ (ઍક્ટીંગ)નો અભ્યાસ કર્યો, જે દરમ્યાન ગાંધીનગર શહેરમાં નાટકો કરવાનો આરંભ પણ કર્યો.

પહેલી તક મળી જી ઈ ક્લબમાં. કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત 'અનારકલીનો સ્વયંવર'માં એણે જેસલ જાડેજાની યાદગાર ભૂમિકા ભજવી. એ પછી કુંતલ નિમાવતનું જ નાટક 'ખોટા સિક્કા' પણ ભજવ્યું. આ બંને નાટકો જિમેશે હોમ પીચ પર એટલે કે સિટી પલ્સના ઓપન ઍર થિયેટર ખાતે ભજવ્યાં હતાં. જેના કારણે સહાધ્યાયીઓમાં જિમેશની ઍક્ટર તરીકેની છાપ મજબૂત થઈ હતી.

એ પછી જિમેશે એ દિગ્દર્શક સાથે પણ કામ કર્યું, જેમની સાથે તેના પિતાએ કામ કર્યું હતું - અખ્તર સૈયદ સાથે. એમના દ્વારા દિગ્દર્શિત 'તેજ લિસોટો' અને 'કોઈ ભીંતેથી આયના ઉતારો' નાટકમાં જિમેશે અભિનેતા તરીકે કામ કર્યું. આ ઉપરાંત એણે 'ચેનપુર કી દાસ્તાન', 'કૌઆ ચલા હંસ કી ચાલ', 'હોલી' અને 'સૈયાં ભયે કોટવાલ' જેવાં હિન્દી નાટકો પણ કર્યાં. શાદત હસન મન્ટો દ્વારા લિખિત ખ્યાત કથા 'ટોબા ટેક સિંગ'ના શૉર્ટ ફિલ્મ રૂપાંતરણમાં પણ જિમેશે અદાકાર તરીકે ભૂમિકા ભજવી. અભ્યાસ પૂર્ણ થતાં જ એણે મુંબઈના વાટ પકડી અને છ માસ સુધી ગુજરાતી નાટકોના સહારે જીવનગાડી ગબડાવી. ખ્યાત ટીવી શ્રેણી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' (સબ ટીવી) અને 'શપથ' (લાઈફ ઓકે)માં તેણે પોતાનો અભિનય આપ્યો. છ માસના સંઘર્ષ પછી એને મુંબઈની ખ્યાત મુકેશ છાબરા કાસ્ટીંગ કંપનીમાં આસીસ્ટન્ટ કાસ્ટીંગ ડિરેક્ટર તરીકે કામ મળ્યું, જે આજે પણ ચાલુ છે. આસીસ્ટન્ટ કાસ્ટીંગ ડિરેક્ટર તરીકે એણે સૌપ્રથમ સલમાન ખાનની ખ્યાત ફિલ્મ 'બજરંગી ભાઈજાન'નું કાસ્ટીંગ કર્યું ને એ પછી 'કટ્ટી બટ્ટી' એ તેની અભિનેતા તરીકે પહેલી હિન્દી ફિચર ફિલ્મ છે.

'કટ્ટી બટ્ટી' વિશે વાત કરતાં જિમેશ જણાવે છે કે ફિલ્મ યુવા હૈયાઓ ઉપર આધારિત છે, એમાં કૉલેજ લાઈફ ભરપૂર દર્શાવાઈ છે. જેમ યુવાઓ વચ્ચે 'કટ્ટી બટ્ટી' થયા કરતી હોય છે એવી જ હળવી ઘટનાઓ ઉપર આ ફિલ્મ આધારિત છે. આ ફિલ્મ માટે જિમેશે મુંબઈ અને પુણેમાં ૧૮ દિવસનું શૂટીંગ કર્યું હતું. શૂટીંગ દરમ્યાન એ ઈમરાન ખાનથી ખૂબ પ્રભાવિત થયો હતો, જેણે સાથી આર્ટીસ્ટ્સ સાથે જરાય હીરોગીરી રાખી નહોતી. જિમેશ કહે છે, 'અમે ઈમરાન સાથે ખૂબ મસ્તી કરી. જેવો શૉટ પૂરો થાય કે અમે ઍની વૅનિટી વૅનમાં ઘૂસી જતા અને ધમાલ મચાવતા.'

'હું હવે મુંબઈમાં છું અને મુંબઈમાં ગાંધીનગરના કોઈપણ કલાકારને કંઈપણ કામ હોય તો હું સહાય કરવા માટે તૈયાર છું. મારા ફેસબૂક પેજ મારો સંપર્ક કરશો તો હું જરૂર સહાય કરીશ' એવો લાગણીભર્યો સંદેશ જિમેશે 'ગાંધીનગર સમાચાર'ના માધ્યમથી ગાંધીનગરના કલાકારોને આપ્યો છે.

સમગ્ર ગાંધીનગર તરફથી જિમેશને શુભકામનાઓ.



સૅક્ટર-૫ સી ખાતે રહેતા રાજેશભાઈ ત્રિવેદી દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુંતલ નિમાવતના નિર્દેશનમાં જિમેશ પટેલે અભિનેતા તરીકે કાર્ય કર્યું હતું તે વેળાની તસવીરો. આ તસવીરો 'ગાંધીનગર સમાચાર' ૨૦૧૨માં પ્રકાશિત કરી ચૂક્યું છે.



ગાંધીનગરના આંગણે ગરબા રમતો ગરબાનો રસિક જિમેશ પટેલ



કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત 'ખોટા સિક્કા' નાટકમાં ખલનાયક 'ખાન'ની યાદગાર ભૂમિકામાં જિમેશ પટેલ.

### રંગભૂમિ પર સફળતા બાદ ગુજ્જુભાઈ હવે રૂપેરી પડદે

# 'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' આજથી રિલીઝ




## સિધ્ધાર્થ રાંદેરિયા ઉપરાંત જીમિત ત્રિવેદી, સ્વાતિ શાહ, દિપના પટેલ, ધર્મેશ વ્યાસ અને અન્નપૂર્ણા શુક્લ અભિનયકર્તા તરીકે

ગાંધીનગર, તા. ૧૭

રંગભૂમિ ઉપર અભૂતપૂર્વ સફળતા અને દુનિયાભરમાં ૧૨૦૦૦ ઉપરાંત પ્રયોગોના વિક્રમ પછી, ગુજરાતી તખ્તાના સુપર સ્ટાર સિધ્ધાર્થ ગુજ્જુભાઈ રાંદેરિયા હવે ફિલ્મરસિકોના હૃદય જીતવા આવી રહયા છે. રૂપેરી પરદે ૧૮મી સપ્ટેમ્બરનાં દિને કિંગ ઑફ કૉમેડી સિધ્ધાર્થ રાંદેરિયા ગુજરાતી ભાષાની પ્રથમ સુપર કોમેડી ફિલ્મ ગુજ્જુભાઈ ધ ગ્રેટ માં ગુજ્જુભાઈની ભૂમિકામાં રજૂ થઈ રહ્યા છે.

લગે રહો ગુજ્જુભાઈ, ગુજ્જુભાઈની ગોલમાલ, ગુજ્જુભાઈ ઘોડે ચઢયા, ગુજ્જુભાઈ બન્યા દબંગ જેવાં ગુજ્જુભાઈ સિરિઝના નાટકોએ સમગ્ર વિશ્વનાં ગુજરાતી પ્રેક્ષકોનું દિલ જીતી લીધું છે અને હવે ગુજ્જુભાઈને ફિલ્મમાં જોવા એ પ્રેક્ષકો માટે અનેરો લ્હાવો છે.

ફિલ્મ જગતના વર્તુળોમાં પણ આ બ્રાન્ડના આગમનથી ઇંતેજારી અને ઉત્સાહ છે. બિનગુજરાતી પ્રેક્ષકો પણ આ ધમાકેદાર ફિલ્મ જોવા ઉત્સુક છે, જેનું ટ્રેઈલર ઓનલાઈન ૨૫મી ઓગષ્ટ અને સીનેમા હોલમાં ૨૮મી ઓગષ્ટથી શરૂ થઈ ગયું છે.

રંગમંચ પર પંકાયેલી આ સિરિઝના અને ગુજ્જુભાઈના ચાહકો દુનિયાભરમાં ફેલાયેલા છે અને ફિલ્મરસિકોને પણ એની રજૂઆતની તાલાવેલી છે.

ગુજ્જુભાઈ ધ ગ્રેટ ફિલ્મના પ્રસ્તુતકર્તા નક્ષા એન્ટરટેઈનમેન્ટ, વડોદરા છે. આ ફિલ્મનું નિર્માણ દેવેન્દ્ર એન. પટેલ દ્વારા સિધ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્ષનના સહયોગમાં કરવામાં આવ્યું છે. તેના સહયોગી નિર્માતા મૃગાંક શાહ છે. આ ફિલ્મની પટકથા અને દિગ્દર્શન ઈશાન રાંદેરિયાએ કરેલ છે. હાસ્યથી ભરપૂર આ ફિલ્મમાં અદભુત સંગીત પાર્થ ઠક્કર અને અદ્વૈત નેમલેકર અને ગીત નીરેન ભટ્ટ અને ઈશાન રાંદેરિયાએ આપ્યુ છે. આ ફિલ્મમાં ગુજરાતી રંગભૂમિનાં દુનિયાભરમાં જાણીતા અને લોકચહિતા સિધ્ધાર્થ રાંદેરિયા, જીમિત ત્રિવેદી, સ્વાતિ શાહ, દિપના પટેલ, આલેખ સંઘલ, સુનિલ વિશ્રી, આકાશ ઝાલા, ખતેરા હકીમી અને ધર્મેશ વ્યાસ, અન્નપૂર્ણા શુક્લ અભિનય આપી રહ્યા છે.